જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૧૧ લીટર દેશી દારૂ, ૨૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૬ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન, ૦૧ બોલેરો પીક–અપ, ૦૧ કાર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૧/૨૦૨૫**

દાણીલીમડાઃ સાહીલ નિતીનકુમાર બોરીસા (ઉ.વ.૨૩) (રહે. જય કૃષ્ણ સોસાયટી, કમલાનહેરૂ પાર્ક પાસે, બહેરામપુરા) નાઓ તા.૨૧/૦૯/૨૦૨૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાનાં રહેણાંક ખાતે ફોર વ્હીકલનો જેક ચઢાવી ફોર વ્હીકલ નીચે જઈ રીપેર કરતા હતા ત્યારે જેક છટકી જતા ફોર વ્હીકલ નીચે દબાઇ ગયા હતા. સારવાર માટે તેમને શેઠ એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદભાઇ સેધાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૨/૨૦૨૫**

દરિયાપુરઃ ભાવેશભાઇ મનોજભાઇ દંતાણી (ઉ.વ.૨૧) (રહે. ત્રિજોમાળ ઝાદાભગતની પોળ ડબગરવાડ દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ હિચકાના કડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

શાહીબાગઃ ચેતન રૂપલાલભાઇ કનોજીયા (ઉ.વ.૪૦) (રહે.સદરબજાર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.ડામોર ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઇવાડી સાંઇબાબાનગર પોસ્ટ ઓફીસ સામે રહેતા રશ્મિકાન્ત ચમનલાલ વાઘેલા નાઓના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે પડદાનું કાપડ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.રોહીત ચલાવે છે.

ઈસનપુરઃ દુર્ગાવતી વા/ઓ તેજસભાઈ ભાવસાર (ઉ.વ.૨૫) (રહે. પ્રસિદ્ધિ સોસાયટી વિશાલનગર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.જે.ચારણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી